સંયુક્ત નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ, વર્ગ-૧ સંવર્ગનું સંખ્યાબળ (કેડર સ્ટ્રેન્થ) નક્કી કરવા બાબત.

**ગુજરાત સરકાર,**
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક : SJED/EOD/e-file/17/2023/2089/J,
સચિવાલય, ગાંધીનગર.
તા.૨૦-૦૭-૨૦૨૩.

**વંચાણમાં લીધા:-**

(૧) સમાજ કલ્યાણ વિભાગનો ઠરાવ ક્રમાંક :એસસીડબલ્યુ/૧૦૮૩-૨૦૧૨/૪, તા.૩૦-૦૫-૧૯૮૪.
(૨) આ વિભાગનું જાહેરનામું ક્રમાંક:GH/SH/6/2010/MKM/102007/1080/J, તા.૧૮-૧૧-૨૦૧૦.
(૩) આ વિભાગનો ઠરાવ ક્રમાંક : SJED/NIR/e-file/17/2023/0037/J, તા.૨૫-૦૫-૨૦૨૩.
(૪) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરીનો પત્ર ક્રમાંક: અજાક/મકમ/૫/૧૧૩૬/૨૦૨૩/ક, તા.૧૩-૦૬-૨૦૨૩.

**આમુખ:**

સમાજ કલ્યાણ વિભાગના વંચાણે લીધેલ ક્રમ-(૧) પરના તા.૩૦-૦૫-૧૯૮૪ના ઠરાવથી, નિયામકશ્રી, સમાજ કલ્યાણ ખાતાની કચેરીમાં સંયુક્ત નિયામક, વર્ગ-૧ની ૧ જગ્યા ઉભી કરવામાં આવેલ.

**૨.** સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની વંચાણે લીધેલ ક્રમ-(૨) પરની તા.૧૮-૧૧-૨૦૧૦ની અધિસૂચનાથી, સંયુક્ત નિયામક, વર્ગ-૧, અનુસૂચિત જાતિ કલ્યાણના બહાર પાડવામાં આવેલ ભરતી નિયમો મુજબ, જરૂરી લાયકાત સંતોષતા નાયબ નિયામક, વર્ગ-૧ ને બઢતી આપીને સંયુક્ત નિયામકની જગ્યા પર નિમણૂક આપવામાં આવે છે.

**૩.** સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના વંચાણે લીધેલ ક્રમ-(૩) પરના તા.૨૫-૦૫-૨૦૨૩ના ઠરાવથી સંયુક્ત નિયામક (તકેદારી), અમદાવાદ, સંયુક્ત નિયામક (તકેદારી), વડોદરા અને સંયુક્ત નિયામક (તકેદારી), રાજકોટ; એમ સંયુક્ત નિયામકની કુલ-૦૩ નવી જગ્યાઓ ઉભી કરવામાં આવેલ છે.

**૪.** નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગાંધીનગર દ્વારા વંચાણે લીધેલ ક્રમ-(૪) પરના તેઓના તા.૧૩-૦૬-૨૦૨૩ ના પત્રથી, સંયુક્ત નિયામક, વર્ગ-૧ ની અગાઉની ૧ જગ્યા અને નવી ઉભી થયેલ ૩ જગ્યા, એમ કુલ મળીને ૪ જગ્યાઓ હાલ થવા પામેલ હોય, તે મુજબ સંયુક્ત

નિયામક, વર્ગ-૧, અનુસૂચિત જાતિ કલ્યાણ સંવર્ગનું સંખ્યાબળ નક્કી કરવા સંદર્ભે દરખાસ્ત મોકલી આપેલ છે.

**ઠરાવ:**

નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની ઉક્ત દરખાસ્ત પરત્વે કાળજીપૂર્વકની વિચારણાને અંતે, સંયુક્ત નિયામક, વર્ગ-૧ સંવર્ગના ભરતી નિયમો મુજબ સંયુક્ત નિયામક, વર્ગ-૧ ની જગ્યાઓ બઢતીના ફાળાથી ભરવા નિયત કરવામાં આવેલ હોય, તે મુજબ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હેઠળના ખાતાના વડા નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ હસ્તકના સંયુક્ત નિયામક, વર્ગ-૧ સંવર્ગનું સંખ્યાબળ નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

| સંવર્ગ | કુલ સંખ્યાબળ | સીધી ભરતીના ફાળાની જગ્યા | બઢતીના ફાળાની જગ્યા |
|---|---|---|---|
| સંયુક્ત નિયામક (વર્ગ-૧) | ૦૪ | ૦૦ | ૦૪ |

૨. આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર સામાન્ય વહીવટ વિભાગની તા.૧૧-૦૭-૨૦૨૩ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( હેતલ ગોહેલ )
**સેકશન અધિકારી**
**સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ**
**ગુજરાત સરકાર**

**પ્રતિ,**

- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, સેક્ટર-૧૦/એ, ગાંધીનગર. (પત્ર દ્વારા)
- અધિક મુખ્ય સચિવશ્રી, સા. ન્યા. અને અધિ.ના રહસ્ય સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, સામાન્ય વહીવટ વિભાગના રહસ્ય સચિવશ્રી, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, નાણા વિભાગના રહસ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાયબ સચિવશ્રી(બજેટ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી (ગ-૫ શાખા), સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી (કોમ્પ્યુટર સેલ) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર. - ઉકત ઠરાવ વિભાગની વેબસાઈટ પર અપલોડ કરવા વિનંતી સહ.
- શાખા પસંદગી ફાઈલ-૨૦૨૩.